# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-06-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

---

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નવા મંત્રીમંડળને રવિવારે શપથ લેવડાવશે.
- રાજયભરના ખેડૂતોને ગુણવત્તાયુક્ત ખાતર બિયારણ, દવા મળે તે માટે બે દિવસ સઘન ચકાસણી ઝુંબેશ યોજાઇ.
- આણંદ ખાતે ઈન્સ્ટીટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ (ઈરમા)નો પદવીદાન સમારોહ પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વૈંકૈયા નાયડુના અધ્યક્ષસ્થાને યોજાયો.
- આગામી સાત દિવસ મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી.
- રાજયમાં બે સ્થળોએ આકસ્મિક ઘટનામાં આઠ વ્યક્તિઓના મોત નિપજ્યાં.

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## EVE.-NDA-MEETING

ભાજપના વરિષ્ઠ નેતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકે શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહ રવિવારે સાંજે 6 વાગ્યે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાશે. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ આજે નવી દિલ્હીમાં એનડીએ

સંસદીય દળની બેઠક દરમિયાન આ માહિતી આપી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નરેન્દ્ર મોદી અને તેમના નવા મંત્રીમંડળને શપથ લેવડાવશે.

નવી દિલ્હીમાં યોજાયેલી બેઠક બાદ એનડીએના નેતાઓ આજે રાષ્ટ્રપતિને મળ્યા હતા અને નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો. સરકાર રચવાનો દાવો રજૂ કર્યા બાદ રાષ્ટ્રપતિએ એનડીએને સરકાર રચવાનું આમંત્રણ આપ્યું હતું...

રાષ્ટ્રપતિનું મુલાકાત અગાઉ NDA સંસદીય દળે સર્વસંમતિથી નરેન્દ્ર મોદીને તેના નેતા તરીકે ચૂંટ્યા હતા. નવી દિલ્હીમાં જૂની સંસદ ભવનનાં સેન્ટ્રલ હોલમાં NDA સંસદીય દળની બેઠક દરમિયાન ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે શ્રી મોદીને NDA નેતા તરીકે પસંદ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો મોદીના નામનો પ્રસ્તાવ મૂકતા રાજનાથ સિંહે કહ્યું કે તેઓ આ પદ માટે સૌથી યોગ્ય વ્યક્તિ છે. કેન્દ્રીય મંત્રી અમિત શાહ અને નીતિન ગડકરીએ દરખાસ્તને સમર્થન આપ્યું હતું.

ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુએ કહ્યું કે, નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળની એનડીએ સરકારે છેલ્લા દસ વર્ષમાં નોંધપાત્ર વિકાસ કર્યો છે. તેમણે કહ્યું કે, દેશે નોંધપાત્ર પ્રગતિ અને પરિવર્તન જોયું છે. શ્રી નાયડુએ કહ્યું કે ભારત પાસે યોગ્ય સમયે યોગ્ય નેતા છે અને તે નરેન્દ્ર મોદી છે.

નરેન્દ્ર મોદીના નામને ટેકો આપતા બિહારના મુખ્યમંત્રી અને જેડી (યુ) પ્રમુખ નીતિશ કુમારે કહ્યું કે તેઓ શ્રી મોદીના નેતૃત્વમાં સાથે મળીને કામ કરશે. શ્રી કુમારે કહ્યું, શ્રી મોદીએ દેશની સેવા કરી છે અને જે બાકી રહી છે તે નવી ટર્મમાં પૂર્ણ કરશે.

આ પ્રસંગે બોલતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે, NDA એ સત્તા માટે એકસાથે આવેલા પક્ષોનું જૂથ નથી પરંતુ તે સૌ પ્રથમ રાષ્ટ્રની ભાવના સાથે કામ

કરવા માટે પ્રતિબદ્ધ ગઠબંધન છે. તેમણે કહ્યું કે, NDA ભારતના ઈતિહાસમાં સૌથી સફળ ગઠબંધન છે

**PM PRESIDENT**

નવી દિલ્હી ખાતે આજે સાંજે નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતા.. તેમણે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી.. રાષ્ટ્રપતિ સમક્ષ તેમણે એનડીએનો સરકાર રચનાનો દાવો કર્યો હતો.. એનડીએના સહયોગી દળોના સમર્થનના પત્રને પણ તેમણે રાષ્ટ્પતિને સોંપ્યો હતો. રાષ્ટ્રપતિએ નરેન્દ્ર મોદીને સરકાર રચવાનું આમંત્રણ આપતો પત્ર સોંપ્યો હતો..

સરકાર રચવાનો દાવો કર્યા બાદ નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવન પરિસરમાં સંબોધન કરતાં કહ્યું હતું કે તે અને તેમની સરકાર નવમી જૂને શપથ લેશે.. તેમણે મીડિયાના સંબોધનમાં જણાવ્યું હતું કે, દેશની જનતાએ એનડીએને ત્રીજી વાર સરકાર રચવા માટે જનાદેશ આપ્યો છે..

**(બાઇટ- પીએમ)**

## Khatar gunvata chakasni jumbesh

રાજયભરના ખેડૂતોને ગુણવત્તાયુક્ત ખાતર બિયારણ, દવા મળે તે માટે બે દિવસ ખાસ સઘન ચકાસણી ઝુંબેશ યોજાઇ.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેતીવાડી વિભાગને આપેલા સ્પષ્ટ દિશા નિર્દેશે મુજબ ખેતીવાડી વિભાગની રાજયસ્તરની 19 ટીમો અને ક્ષેત્રીય વિભાગની 39 ટીમો દ્વારા વિવિધ જિલ્લાઓનમાં બે દિવસ ખાસ ચકાસણી હાથ ધરાઇ હતી. જેમાં રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં વિવિધ ૫૯ ઉત્પાદકો તેમજ બિયારણના ૮૪૮, ખાતરના ૫૪૭ અને દવાના ૭૫૦ વિક્રેતાઓની ખેતીવાડી વિભાગની ટીમ દ્વારા લેવાયેલી તપાસણી મુલાકાત દરમિયાન બિયારણના ૫૨૪, ખાતરના ૧૦૫ અને

દવાના ૮૨ એમ કુલ ૭૧૧ નમૂના લેવામાં આવ્યા હતા અને રાજ્યની જુદી જુદી માન્ય લેબમાં પૃથક્કરણ માટે મોકલવામાં આવ્યા હતા.

આ સઘન ચકાસણી ઝુંબેશ દરમિયાન અંદાજે ૬ કરોડ ૧૫ લાખ રૂપિયાનો જથ્થો અટકાવવામાં આવ્યો છે

રાજ્ય સ્તરે અલગ-અલગ ૪૮૩ જેટલી નોટિસ પણ આપવામાં આવી છે.

## IRMA –AANAD

આણંદ ખાતે ઈન્સ્ટીટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ (ઈરમા) નો ૪૩મો પદવીદાન સમારોહ પૂર્વ ઉપરાષ્ટ્રપતિ  વૈંકૈયા નાયડુના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આણંદથી  અમારાં પ્રતિનિધિ પરેશ મકવાણા જણાવે છે કે,  ઈરમાના વિવિધ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના ૩૦૩ વિદ્યાર્થીઓને પદવી તથા ૦૨ વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા.  ઈરમાના પદવીદાન સમારોહમાં પૂર્વ ઉપરાષ્ટ્રપતિ  વૈંકૈયા નાયડુએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે,

ચારિત્ર્યવાન, સહકારભાવ અને સિદ્ધાંતો સાથે કાર્ય કરનાર યુવા પેઢી જ મજબૂત અને સશક્ત રાષ્ટ્ર અને સમાજનું નિર્માણ કરે છે. તેમણે વિદ્યાર્થીઓને કમિશન માટે નહીં પણ દેશસેવાના મિશન સાથે કાર્ય કરવા જણાવ્યુ હતું.

## WEATHER

રાજયમાં કાળઝાળ ગરમી વચ્ચે ધીમા પગલે ચોમાસાના આગમનની હવામાન વિભાગે આગાહી કરી છે.. હવામાન વિભાગ દ્વારા જાહેરા કરાયેલી આગાહી અનુસાર આવતા સાત દિવસ દરમિયાન  મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદ વરસે તેવી આગાહી કરી છે.

(બાઇટ- રામશ્રી યાદવ, વૈજ્ઞાનિક)

આજે દિવસ દરમિયાન, સુરેન્દ્રનગર સૌથી ગરમ શહેર રહ્યું હતું.. સુરેન્દ્રનગરમાં સૌથી વધુ તાપમાન 42.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું જ્યારે અમદાવાદમાં 42 , રાજકોટમાં 41.9, ગાંધીનગરમાં 41.8 અને અમરેલીમાં 41. 7 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતુ..

## Accident

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક ઇડર હાઇવે પર માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના ચાર લોકોના મોત થયા છે. આ અકસ્માતમાં અન્ય 4 લોકો ઘાયલ થયા છે. આ અકસ્માત ગત મોડી રાત્રે થયો હોવાનું મનાય છે.

સાબરકાંઠા જિલ્લાના નેત્રામાલી ગામના રહેવાસી ડો. જરીવાલા પરિવાર જન્મદિવસની પાર્ટી મનાવીને પરત ફરી રહ્યા હતા ત્યારે હિંમતનગરના ભેટાલી પાસે તેમની કારને અકસ્માત નડ્યો હતો.

## Death by drowning

આણંદ જિલ્લામાં ખાનપુર પાસે મહીસાગર નદીમાં ડૂબી જતાં ચાર લોકોના મોત થયા છે. ઘટનાની જાણ થતા ખંભોળજ પોલિસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થાનિકોની મદદથી ચાર મૃતદહોને બહાર કાઢવામાં આવ્યાં છે.

## Ambaji Mandir

રાજયના સુપ્રસિદ્ધ અંબાજી મંદિરમાં ભક્તો દ્વારા અર્પણ કરાયેલું 122 કરોડની કિંમતનું 175 કિલો સોનું મંદિર ટ્રસ્ટ દ્વારા ગોલ્ડ મોનેટાઇજેશન સ્કિમમાં રોકાણ કરવામાં આવ્યું છે. જેના વ્યાજથી મંદિરમાં ભક્તોની સુવિધામાં વધારો થશે.

અંબાજી મંદિરમાં 1960 થી ભક્તો દ્વારા આપવામાં આવેલા દાનમાંથી 167 કિલો સોનું એકઠું થયું હતું. પછીથી પણ ભક્તોએ સોનાનું દાન કરવાનું ચાલુ રાખ્યું હતું. અત્યારસુધીમાં મંદિરમાં લગભગ 122 કરોડ રૂપિયાનું 175 કિલો સોનું જમા છે. રાજ્ય સરકારની મંજુરી લીધા બાદ મંદિર ટ્રસ્ટે માતાજીને ચઢાવેલા સોનાના દાગીના

ઓગાળીને બિસ્કિટમાં ફેરવી દીધા હતા. બાદમાં શ્રી આરાસુરી મંદિર દેવસ્થાન ટ્રસ્ટે બેંક ઓફ બરોડાની ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમમાં 171 કિલો સોનાનું રોકાણ કર્યું હતું.

અંબાજી મંદિરના એડિશનલ કલેક્ટર અને વહીવટદાર કૌશિક મોદીના જણાવ્યા અનુસાર અંબાજી મંદિરમાં લગભગ 6 હજાર કિલો ચાંદીનું દાન પણ મળ્યું છે. તેની કિંમત લગભગ 50 કરોડ રૂપિયા છે.

## Fatafat News

## હવે સાંભળીએ રાજયના કેટલાક અન્ય સમાચાર સંતક્ષિપ્તમાં..

- ગુજરાત ગેસ કંપની અને જીલ્લા ક્રાઇસીસ ગ્રુપ નર્મદાના સંયુકત ઉપક્રમે ગેસ લિકેજની ઇમરજન્સીની મોકડ્રીલ યોજાઇ.
- મરાઠા સેવા સંઘ દમણ-દીવ દ્વારા છત્રપતિ શિવાજી મહારાજનો 351મો રાજયાભિષેક દિવસની ઉજવણી કરવામાં આવી.
- વલસાડ જીલ્લા વિમાન કેન્દ્ર દ્વારા ધરમપુર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી.
- જીએનએલયુ સિલ્વાસા કેમ્પસમાં કાયદા અને અર્થશાસ્ત્રના પાયાના સિદ્ધાંતો પર પાંચ દિવસીય પ્રમાણપત્ર કોર્સનું ઉદઘાટન કરવમાં આવ્યું.
- લખતર શહેરમાં આવેલી શ્રી રૂપાળીબા પ્રાથમિક શાળા નંબર 1નો આજે 172મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી.
- બોટાદમાં સાળંગપુર ખાતે આત્મા યોજના હેઠળ પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત તાલીમ સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે આજથી ૯ જુન સુધી ખેડૂતોને અલગ અલગ વિષય અંગે તાલીમ આપવામાં આવશે